સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના નિર્દેશો બાદ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તાબડતોબ એક્શન લેવા તૈયારીઓ

દાહોદમાં શાળાઓની સુરક્ષા અને રખડતાં શ્વાનોના નિયંત્રણ અંગે કડક આદેશ કરાયો

તમામ સરકારી, ગ્રાન્ટેડ અને બિન-ગ્રાન્ટેડ શાળાઓ પાસેથી નિયત પ્રોફોર્મામાં આધારભૂત પુરાવા સાથેનો અહેવાલ માંગવામાં આવ્યો

(પ્રતિનિધી) દાહોદ, તા.20
દાહોદ જિલ્લામાં શાળાઓની સુરક્ષા અને રખડતાં શ્વાનોના ત્રાસ અંગે વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. નામદાર સુપ્રીમ કોર્ટના તા. 19/05/2026 ના ચુકાદા અને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશો અનુસાર રાજ્ય સરકારે આ વિષય પર કોર્ટમાં કમ્પ્લાયન્સ એફિડેવિટ રજૂ કરવાની હોવાથી જિલ્લાની તમામ શાળાઓને તાત્કાલિક ધોરણે જરૂરી માહિતી મોકલી આપવા આદેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગ અને ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડના સૂચના પત્રોના આધારે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આ વિશેષ પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. શાળા સંકુલ અને શૈક્ષણિક પરિસરમાં વિદ્યાર્થીઓની સુરક્ષા તેમજ રખડતાં શ્વાનોના નિયંત્રણ માટે અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીની સીધી સમીક્ષા નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવી રહી છે. આ સ્થિતિમાં જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સંચાલકો અને આચાર્યોએ પોતાના કેમ્પસની સ્થિતિ અંગેનો સચોટ અહેવાલ તૈયાર કરવાનો રહેશે. માહિતી મોકલવા માટેના મુખ્ય મુદ્દાઓમાં શાળાનું પૂરું નામ, સરનામું, ડાયસ કોડ, સંકુલનું ક્ષેત્રફળ અને સ્થાનિક તંત્રના સહયોગથી રખડતાં શ્વાનોને અટકાવવા માટે કરાયેલી કાર્યવાહીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શાળાઓએ કમ્પાઉન્ડ વોલ, મુખ્ય દરવાજાની સ્થિતિ, સુરક્ષા અંગેના નિયમિત નિરીક્ષણ અહેવાલો અને જીઓ-ટેગ કરેલા તાજેતરના ફોટોગ્રાફ્સ ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. સુરક્ષા વ્યવસ્થાને સુચારૂ બનાવવા માટે શાળા કક્ષાએ એક નોડલ અધિકારીની નિયુક્તિ કરવાની રહેશે, જેઓ આ સમગ્ર કામગીરી અને સંકલનની જવાબદારી સંભાળશે. શાળા સુરક્ષા સમિતિ દ્વારા યોજવામાં આવેલી બેઠકોની કાર્યવાહી નોંધ અને સ્થાનિક તંત્રને કરાયેલી રજૂઆતોના આધારભૂત દસ્તાવેજો પણ અહેવાલ સાથે જોડવાના રહેશે. આ બાબત ન્યાયિક સમીક્ષા હેઠળ હોવાથી માત્ર આંકડાકીય કે વર્ણાત્મક માહિતી સ્વીકારવામાં આવશે નહીં.

USDT ટ્રેડિંગના નામે વૃદ્ધ સાથે રૂ.૭૮.૧૧ લાખની સાયબર ઠગાઈ

(પ્રતિનિધી) ભરૂચ, તા.5
ભરૂચના વડદલાના ૬૧ વૃદ્ધ સાથે ક્રિપ્ટો કરન્સી USDT ટ્રેડિંગના નામે સાયબર ગુનેગારોએ રૂ.૭૮.૧૧ લાખથી વધુ રકમની ઠગાઈ આચરી હતી. આ બનાવ અંગે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા ઠગો સામે ફરિયાદ દાખલ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના વડદલા ગામના શેઠ ફળિયામાં રહેતા ૬૧ વર્ષીય કિરણકુમાર શાંતિલાલ પટેલ નોકરીમાંથી નિવૃત્ત થઈ પરિવાર સાથે રહે છે. ગત 4 જૂન-૨૦૨૫ના રોજ કિરણભાઈ પોતાના મોબાઈલ ફોનમાં ઈન્ટાગ્રામ ઉપર રીલ્સ જોઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા યૂઝર તરફથી તેમને હાયનો મેસેજ મળ્યો હતો. બાદ સાયબર ઠગોએ યુનાઈટેડ કિંગડમ (+44)ના વોટ્સએપ નંબરો પરથી 'અલીશા દેસાઈ', 'મેન્ટર સર' તેમજ 'સુનીલ કુમાર' જેવી ખોટી ઓળખ આપી ફરિયાદી સાથે વાતચીત શરૂ કરી હતી.

આખરે ૫ દિવસ બાદ કાર્યવાહી કરાઇ

પીપલોદ ગ્રામ પંચાયતના સરપંચ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધી) દેવગઢ બારિયા, તા.4
દેવગઢ બારિયા તાલુકાની પીપલોદ ગ્રામ પંચાયતના સરપંચ છત્તરસિંહ ફુલાભાઈ પટેલ (ઉર્ફે બાબુભાઈ) સામે તાજેતરના બનાવમાં આખરે ઘટનાના લગભગ પાંચ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાતા સમગ્ર વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે. મળતી માહિતી મુજબ સરપંચ સામે અગાઉ પણ પત્રકારો અને ગામલોકોને ધમકી, દાદાગીરી અને ગેરવર્તન અંગે આક્ષેપો થતા રહ્યા છે.
હાલ નોંધાયેલી ફરિયાદ બાદ હવે લોકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે શું પોલીસ કાર્યવાહી પછી વહીવટી તંત્ર પણ વિભાગીય પગલાં ભરશે કે નહીં? કાયદાકીય જાણકારોના જણાવ્યા મુજબ પોલીસ તપાસ દરમિયાન નવા પુરાવા સામે આવે તો હાલ નોંધાયેલી ફરિયાદમાં વધુ કલમો ઉમેરવાની શક્યતા પણ નકારી શકાય નહીં. જોકે તેનો નિર્ણય તપાસ દરમિયાન મળતા પુરાવાના આધારે પોલીસ કરશે. હવે સમગ્ર તાલુકાની નજર પોલીસ તપાસ અને વહીવટી તંત્રના આગામી નિર્ણય પર મંડાયેલી છે.

નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

દાહોદમાં સ્વતંત્રતા પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી સુખસર ખાતે થશે

(પ્રતિનિધી) દાહોદ, તા.4
ભારત દેશના સ્વતંત્રતા પર્વ ૧૫ મી ઓગષ્ટની જિલ્લા કક્ષાની ઉજવણી આ વર્ષે દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં વરુણાશ્રમ (મકવાણાના વરુણા) ખાતે રાષ્ટ્રીય ગૌરવ અને ઉત્સાહભેર યોજાશે. આ ઉજવણીનું આયોજન સુવ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થાય તે હેતુથી નિવાસી અધિક કલેક્ટર જે. એમ. રાવલના અધ્યક્ષ સ્થાને આજ રોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પૂર્વ તૈયારી અંગે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્વતંત્રતા પર્વની ઉજવણીને લગતી વિવિધ કામગીરીઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. સ્વાતંત્ય પર્વના સુચારૂ આયોજન માટે નિવાસી અધિક કલેક્ટરએ વિવિધ વિભાગો પાસેથી માહિતી મેળવી હતી. કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા, સ્ટેજ, ધ્વજવંદન સમારોહ, સાંસ્કૃતિક કાર્યક્રમો, મહાનુભાવોના આગમન, સુરક્ષા, વાહન વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ, સ્વચ્છતા, વીજ પુરવઠો, પીવાના પાણીની સુવિધા તેમજ અન્ય જરૂરી વ્યવસ્થાઓ અંગે સંબંધિત વિભાગોને સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિવાસી અધિક કલેક્ટરએ જણાવ્યું હતું કે, ઉજવણીની દરેક કામગીરી સમયબદ્ધ, સુઆયોજિત અને જવાબદારીપૂર્વક પૂર્ણ કરવામાં આવે તેમજ આયોજનમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તેની તમામ વિભાગો ખાસ કાળજી રાખે. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, પ્રાંત, નાયબ પોલીસ અધિક્ષક શ્રીઓ સહિત વિવિધ વિભાગોના જિલ્લાના અધિકારીઓ તેમજ આયોજન સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પેટ્રોલ પંપ મંજૂર કરાવાના બહાને ગઠિયો ફાવી ગયો

લીમડીના વેપારી પાસેથી રૂા. ૭.૧૮ લાખથી વધુ ખંખેરી લેતા ફરિયાદ

પોલીસે ગઠિયાની ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે

(પ્રતિનિધી) દાહોદ, તા.4
જુદા જુદા નંબરના સીમવાળા બે મોબાઈલ ધારકોએ ભારત પેટ્રોલિયમ કંપનીનો પેટ્રોલ પંપ મંજુર કરાવી આપવાને બહાને લીમડીના એક વેપારી પાસેથી જુદા જુદા ચાર્જના નામે રૂપિયા ૭.૧૮ લાખથી વધુની માતબર રકમ તેમના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી પડાવી લઈ, પેટ્રોલ પંપ મંજૂર નહીં કરાવી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ૮૦૯૭૫ ૬૨૧૪૮, નંબરના મોબાઈલ ફોન ધારક તથા ૭૭૮૧૦૫૫૯૧૨ નંબરના મોબાઈલ ફોન ધારક એમ બંને જણાએ તારીખ 5-6-2026 ના રોજ બપોરના સવા વાગ્યાથી તારીખ ૧૪-૭-૨૦૨૬ ના રોજ સાંજના ચાર વાગ્યા સુધીના સમયગાળામાં દરમિયાન ગોવિંદ ગુરુ લીમડી તાલુકા મથક એવા લીમડી ગામે નવા બજાર ગોધરા રોડ પર રહેતા દિવ્યેશકુમાર રાજેન્દ્રભાઈ સોની નામના ૪૨ વર્ષીય વેપારીને ભારત પેટ્રોલિયમ કંપનીનો પેટ્રોલ પંપ મંજૂર કરાવી આપવાના બહાને ઈ- મેઈલ આઈડી bha@a @ p a r o l e u m corpo®aionragist®aion. in મારફતે ભારત પેટ્રોલિયમ કંપનીના પેટ્રોલ પંપનું કોટેશન મોકલી વિશ્વાસમાં લઈ રજીસ્ટ્રેશન ફી ચાર્જ તથા દ્રઝ ચાર્જના નામે તેમના બેંક એકાઉન્ટમાં કુલ રૂપિયા ૭,૧૮,૪૫૦/-જેટલી માતબર રકમ ટ્રાન્સફર કરાવી પડાવી લીધી હતી. પરંતુ પેટ્રોલ પંપની મંજૂરી નહીં મળતા દિવ્યેશકુમાર સોનીએ ઉપરોક્ત બે મોબાઈલ ધારકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓના મોબાઈલ સ્વીચ ઓફ આવતા દિવ્યેશકુમાર સોનીને પોતે ઠગાયા હોવાનો અહેસાસ થયો હતો.
જેથી દિવ્યેશકુમાર રાજેન્દ્રભાઈ સોનીએ આ મામલે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ઉપરોક્ત નંબર વાળા મોબાઈલ ફોન ધારકો વિરુદ્ધ ભારતીય ન્યાય સહીતા ૨૦૨૩ ની કલમ ૩૧૯(૨), ૩૧૮(૪), ૯૧ (૨) તથા આઈ.ટી એક્ટ કલમ ૯૯ (સી), ૯૯(ડી) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદ પોલીસની કામગીરી

'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ ગુમ થયેલા મોબાઈલ પરત કરાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.4
ઝાલોદ પોલીસ સ્ટેશન દ્વારા "તેરા તુજકો અર્પણ"કાર્યક્રમ અંતર્ગત ઝાલોદ પોલીસે સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરિકોના ફ્રીઝ થયેલા નાણાં પરત અપાવવાની સાથે-સાથે ચોરી કે ગુમ થયેલા કિંમતી મોબાઈલ ફોન પણ શોધીને મૂળ માલિકોને સફળતાપૂર્વક પરત સોંપ્યા છે.
પ્રથમ બનાવમાં, સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર મળેલી ફરિયાદો અને દાહોદ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના હુકમથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા કુલ ૧૧ નાગરિકોના રૂ. ૫,૯૯,૯૦૨/- સીધા તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે. જ્યારે બીજા બનાવમાં, ઝઈઈ પોર્ટલ અને ટેકિનકલ સોર્સના માધ્યમથી ઝાલોદ વિસ્તારમાંથી ગુમ થયેલા કુલ ૯ મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. ૧,૪૮,૬૨૨/- થાય છે, તે શોધી કાઢીને અરજદારોને સોંપવામાં આવ્યા છે.ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગામીત તથા તેમની સાયબર ક્રાઈમ અને ટેક્નિકલ ટીમની સક્રિય મહેનતના પરિણામે આ બંને કામગીરી સફળ રહી હતી. નાગરિકોને તેમના હક્કના નાણાં અને કિંમતી સાધનો પરત મળતા તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી. આ માધ્યમથી ઝાલોદ પોલીસે પોલીસ પ્રજાની મિત્ર છે અને સુરક્ષા સાથે સેવાના ઉત્તરદાયિત્વના સૂત્રને સાર્થક કર્યું છે.આ સરાહનીય કામગીરી પો.ઈન્સ.શ્રી આર. જે. ગામીત, પો.સ.ઈ. શ્રી સી.કે. સિસોદીયા, પો.સ.ઈ. સુશ્રી આર. પી. ડામોર અને આઈ.ટી. એક્સપર્ટ જાબીરભાઈ ભાભોર સહિતની ટીમે પાર પાડી હતી.

ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે કાલોલ મામલતદાર કચેરીની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) કાલોલ, તા.4
કાલોલ તાલુકામાં સરકારી કામગીરીને વધુ ઝડપી અને લોકાભિમુખ બનાવવાના હેતુથી એક મહત્ત્વપૂર્ણ બેઠક અને કચેરી નિરીક્ષણનો કાર્યક્રમ યોજાયો હતો. કાલોલ તાલુકાના લોકપ્રિય ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ તથા તાલુકાના અન્ય હોદેદારો અને નેતાઓ સાથે કાલોલ મામલતદાર કચેરીની અચાનક મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને નેતાઓએ મામલતદાર કચેરીના તમામ વિભાગો અને ચેમ્બરોમાં રૂબરૂ જઈને સરકારી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

મરણ પામેલા ઢોરોનુ શરીર સડી જતાં અસહય દુર્ગંધથી રહીશો ત્રાહીમામ

ફતેપુરામાં કબ્રસ્તાનની સામે ડમ્પિંગ યાર્ડ બનાવી તળાવમાં કચરો ઠાલવવાનો કારસો

(પ્રતિનિધી) ફતેપુરા, તા.4
નાખવામાં આવે છે ફતેપુરા ઘાંચી સમાજ ના કબ્રસ્તાનની સામે પંચાયત દ્વારા ડમ્પિંગ યાર્ડ બનાવી તળાવમાં કચરો નાખવામાં આવે છે આ બાબતે અગાઉ મામલતદાર અને કીડીઓને રજૂઆત કરી આવેદન પણ આપ્યું હતું આ બાબતે ઘાંચી સમાજની રજૂઆતો હતી કે ડમ્પિંગ યાર્ડ અહીંયા થી બદલે અને કચરો અહીંયા નાખવાનો બંધ કરવામાં આવે પરંતુ કોઈ પણ અધિકારીના ગળે વાત ના ઉતરી અને આ બાબતે કોઈ ધ્યાન દોરવામાં ના આવ્યું હાલની પરિસ્થિતિ જોતા ત્યાં આગળ મરેલા ઢોર અસહ્ય ગંદકી તેમજ રોડની સાઈડમાં જ તળાવ આવેલું છે જેથી અવરજવર કરનાર મુસાફરોને પણ આની ગંદકીનો સામનો કરવો પડે છે અને મુસ્લિમ સમાજને કબ્રસ્તાનમાં જવા માટે પણ તકલીફો ઊભી થઈ રહી છે અસહ્ય ગંદકીના કારણે નાક ફાટી જાય તેવી દુર્ગંધો આવે છે અને બહુ જ જાતની જીવાતો પણ ત્યાં પેદા થાય છે આ બાબતે ગ્રામ પંચાયત તેમજ વહીવટી તંત્ર ધ્યાન દોરી વહેલી તકે આ ડમ્પિંગ યાર્ડ ની જગ્યા બદલાવે તેવી ઘાંચી સમાજની રજૂઆતો અને વિનંતીઓ છે તેમજ અહીંયાથી પસાર થતો રોડ કોર્ટમાં અવરજવર કરતા રાહદારીઓને પણ અગવડતા ભર્યો સાબિત થાય છે ચોમાસાના હિસાબે વધુ બીમારીઓ થાય અને કોલેરા ફાટી નીકળે તેમાં કોઈ નવાઈની વાત નથી તો શું આ બાબતે વહીવટી તંત્ર જાગૃત થશે કે કેમ તે જોવું રહ્યું

દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તંત્ર સતર્ક

૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સુધી સભા-સરઘસ પર પ્રતિબંધ

(પ્રતિનિધી) દાહોદ, તા.4
દાહોદ જિલ્લામાં ખાસ કરીને ધાનપુર, લીમડી, લીમખેડા, સુખસર તથા ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તાર સહિત સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા તેમજ વર્ગ વિગ્રહના બનાવો અટકાવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.એમ. રાવલ દ્વારા પ્રતિબંધાત્મકહુકમ જારી કરવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષશ્રી દાહોદની દરખાસ્તના આધારે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મુખ્ય નિયમો અને પ્રતિબંધો:સભા અને સરઘસ પર રોકઃ સક્ષમ અધિકારીની પૂર્વ પરવા વગર સમગ્ર દાહોદ જિલ્લાના મહેસૂલી વિસ્તારમાં કોઈપણ પ્રકારની સભા યોજવા કે સરઘસ કાઢવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. પાંચ કે તેથી વધુ વ્યક્તિઓએ એકઠા થવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે.આ બાબતોને મળશે મુક્તિ સરકારી વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કાર્યક્રમો કે રેલીઓ. કાયદેસરની ફરજ પર હોય તેવા સરકારી/અર્ધ-સરકારી કર્મચારીઓ, હોમગાર્ડ અને સિક્યુરિટી એજન્સીઓ. સ્મશાનયાત્રા અને લગ્નનો વરઘોડો. આ જાહેરનામું તા.૦૧/૦૮/૨૦૨૬ થી તા. ૧૫/૦૮/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી સમગ્ર દાહોદ જિલ્લાના વિસ્તારમાં અમલમાં રહેશે.

જમીન રેકર્ડ શાખાની કામગીરીઃ પારદર્શક, ઝડપી અને નાગરિકલક્ષી સેવાઓનું પગલું

(પ્રતિનિધિ) દાહોદ, તા.4
દાહોદ જમીન સર્વે ભવન ખાતે નવા ભરતી થયેલ રેવન્યુ તલાટીઓ માટે ૨૧ દિવસની રેગ્યુલર તાલીમ યોજાઈ રહી છે. જેમાં ૧૧૧ નવનિયુક્ત મહેસૂલી તલતીઓએ તાલીમ લઈ રહ્યા છે. જેમાં જમીનના ચોક્કસ સર્વેક્ષણથી લઈને રેકોર્ડ અપડેટ કરવા સુધીની સમગ્ર પ્રક્રિયા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી કઈ રીતે કરવામાં આવે છે, એ અંગે વિસ્તાર પૂર્વક અને તાલીમ બદ્ધ રીતે માસ્ટર્સટ્રેનર્સ થકી તાલીમ આપવામાં આવી રહી છે. જેના પરિણામે નાગરિકોને ઝડપી અને વિશ્વસનીય સેવાઓ મળી રહી છે.તાલીમ દરમિયાન મહેસૂલ વિભાગના અનુભવી અધિકારીઓ અને વ્યાખ્યાતાઓ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯, વિવિધ સરકારી પદ્ધતિ, ઓનલાઈન સેવાઓ, નાગરિક કેન્દ્રિત સેવા પ્રદાન તેમજ શાસનની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જમીન રેકર્ડ શાખાની કામગીરીમાં જમીનની માપણી, નકશા તૈયાર કરવાં, હદપત્રક તૈયાર કરવું, જમીન રેકોર્ડનું ડિજિટાઇઝેશન તથા જમીન સંપાદન માટેની માપણી જેવી મહત્વપૂર્ણ કામગીરીનો સમાવેશ નિભાવવામાં આવતી જવાબદારીઓ, રેકોર્ડ સંભાળવાની રેકોર્ડસરળતાથી ઉપલબ્ધ થાય છે, થાય છે. જમીન સંબંધિત અરજીઓની સ્વીકૃતિ બાદ જરૂરી દસ્તાવેજોની ચકાસણી, સ્થળ તપાસ, મંજૂરી પ્રક્રિયા, રેકોર્ડ અપડેટ તેમજ અંતે આદેશ જારી કરવાની કામગીરી નિયમબદ્ધ રીતે હાથ ધરવામાં આવે છે.

અંકલેશ્વરમાં સોશિયલ મીડિયામાં મિત્રતા બાદ યુવતીને ફસાવી દુષ્કર્મનો આક્ષેપ

(પ્રતિનિધી) અંકલેશ્વર, તા.5
અંકલેશ્વરની પરિણીત યુવતીએ સોશિયલ મીડિયામાં મિત્રતા બાદ ખોટી ઓળખ આપી વિશ્વાસમાં લઈ અનેક સ્થળોએ લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યુ હોવાનો ગંભીર આક્ષેપ કરતા અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૧ દરમિયાન યુવતીનો ઈન્સ્ટાગ્રામ પર "દર્શન ઠાકોર" નામથી ઓળખ આપનાર વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો. બાદમાં આરોપીએ પોતાના મિત્ર તરીકે ઓળખાવનાર મોહન પરમાર મારફતે યુવતીને અંકલેશ્વરથી અમદાવાદ લઈ જઈ અનેક દિવસ સુધી અલગ અલગ સ્થળોએ રોકી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીએ વારંવાર દર્શન ઠાકોરને મળાવવાના બહાના આપ્યા હતા.

જાહેર નોટીસ નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૬૧૬ થી ૬૧૭/૨૦૨૬

શ્રી. એસ.સી. સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર વણઝારા નિહાલસિંહ જેસીંગભાઈ, રહે. સીંગવડ, તા.સીંગવડ, જિ.દાહોદ
-વિરુધ્ધ-
સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, સીંગવડ, મુ.સીંગવડ, તા.સીંગવડ, જી.દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદાર શ્રી વણઝારા નિહાલસિંહ જેસીંગભાઈ, રહે. સીંગવડ, તા.સીંગવડ, જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, તેઓએ તેમના પુત્રી નામે વણઝારા તેજસ્વીનીબેન નિહાલસિંહનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૭ ના રોજ મુ.સીંગવડ, તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસૂર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી. આજ તા.૨૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
સહી/- (એસ.સી.સંગાડા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૬૨૭ થી ૬૨૮/૨૦૨૬ તા.૦૫/૦૮/૨૦૨૬

શ્રી. એસ.સી. સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર રાવત વિનાબેન મિથુનભાઈ, રહે. મેથાણ, તા.સીંગવડ, જિ.દાહોદ
-વિરુધ્ધ-
સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, મેથાણ, મુ.મેથાણ, તા.સીંગવડ, જી.દાહોદ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદાર શ્રીમતિ રાવત વિનાબેન મિથુનભાઈ રહે. મેથાણ, તા.સીંગવડ, જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, તેઓની પુત્રી નામે રાવત શિવાનીબેન મિથુનભાઇનો જન્મ તા.૦૮/૧૨/૨૦૧૩ ના રોજ મુ.મેથાણ, તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસૂર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી. આજ તા.૫/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
સહી/- (એસ.સી.સંગાડા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

દાહોદ ઇન્દોર વચ્ચે ૨૦૪.૭૬ કિમી ઝાબૂઆ-ધાર વચ્ચે ભૂમિ અધિગ્રહણનું કાર્ય પૂર્ણ થવાની તૈયારીમાં

દાહોદ-ઈંદોર રેલ પ્રોજેક્ટમાં ટીહિ ટનલમાં ૮૦૦ મીટર ટ્રેક તૈયાર

(પ્રતિનિધી) દાહોદ, તા.4
ઈંદોર-દાહોદ રેલવે પ્રોજેક્ટ હેઠળ લાંબા સમયથી રાહ જોવાતી ટીહી ટનલનું કામ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. જેમાં લગભગ ૩ કિમી લાંબી આ ટનલમાં કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ટનલના અંદાજે ૮૦૦ મીટર વિસ્તારમાં ટ્રેક પાથરવાનું કામ પૂર્ણ થયું છે, જ્યારે બાકીના કામ પણ યુદ્ધસ્તરે ચાલી રહ્યું છે. પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળના જન સંપર્ક અધિકારી મુકેશકુમારે ગઈ કાલે પોતાની એક અખબારી યાદીમાં જણાવ્યું કે, તાજેતર માં કેન્દ્રીય રાજ્ય મંત્રી સાવિત્રી ઠાકુર અને ધારના ધારાસભ્ય નીના વર્માએ તાજેતર માં નિર્માણાધીન ટનલમાં લગભગ ૭૦ ફૂટ નીચે ઉતરીને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ પરીયોજનામાં કામની ગુણવત્તા અને જુલાઈ થી નવી લાઈન શરૂ થવાની સંભાવના ટીહિ ટનલમાં ટ્રેકની સાથે સમાંતર રીતે ઈલેક્ટ્રીફિશિયન તેમજ સિગ્નલનું કામ પૂરજોશમાં ગતિ અંગે અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. જેમાં રાજ્ય મંત્રીએ સ્પષ્ટ જણાવ્યું કે આ પ્રોજેક્ટ વિસ્તારની વર્ષોથી ચાલી આવતી માંગ છે અને તેને સમય મર્યાદામાં પૂર્ણ કરવું અતિઆવશ્યક છે. જોકે અધિકારીઓ મુજબ જૂન-જુલાઈ સુધીમાં ટનલનું સંપૂર્ણ કામ પૂર્ણ થવાની શક્યતા છે, ત્યારબાદ ઈંદોરથી ધાર વચ્ચે સીધી ટ્રેન સેવા શરૂ થઈ શકે છે. પીથમપુર થી ધાર વચ્ચે ટાવર વેગન એન્જિન દ્વારા સફળ ટ્રાયલ પણ કરવામાં આવી છે. પીએમ ગતિશક્તિમાં સામેલ આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ દાહોદ ઈન્દોર વચ્ચે ૨૦૪.૭૬ કિમી ઝાબૂઆ-ધાર વચ્ચે ભૂમિઅધિગ્રહણનું કાર્ય પૂર્ણ થવાની તૈયારીમાં, કામ શરૂ કરવા ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ કરાઈ.. રેલવે ટ્રેકમાં (૧૮૩ કિમી મધ્યપ્રદેશ, ૨૨ કિમી ગુજરાતમાં પાથરવામાં આવ્યું છે.આ રેલ પ્રોજેક્ટમાં ઈંદોર,ટીહી, પીથમપુર, સાગોર, ગુણાવદ, ધાર, દાહોદ સહિતના સ્ટેશન બનાવવામાં આવશે સાથે જ ઈંદોરથી ટીહી (૨૧ કિમી) સુધી કામપૂર્ણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં ટીહી-ધાર વચ્ચે ૨.૯ કિમી ટનલ તૈયાર કરી દેવામાં આવી છે સાથે ટ્રેક પાથરવાનું કામ પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટમાં મહત્વપૂર્ણ જંક્શન ગણાતા ધાર રેલવે સ્ટેશન વિસતિમ ચાલી રહ્યું છે.